**<u>ખુબ જ જરૂરી</u>** ક્રમાકઃપ્રવેશ/૨૦૦૯–૧૦/નિયમો /NRI-Management/ ૪૮૮–૫૭/૨૦૧૦

સ્પીડ પોસ્ટ ધ્વારા

એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ મેડીકલ એજયુકેશનલ કોર્ષિસ,
બી. જે. મેડીકલ કોલેજ,
અમદાવાદ
તા. ૨૯/ ૫/૧૦

પ્રતિ,
ડીનશ્રી/પ્રિન્સીપાલશ્રી,
તમામ સ્વનિર્ભર મેડીકલ/ડેન્ટલ/આર્યુવેદ/હોમિયોપેથી/ફિઝીયોથેરાપી
/બી.એસ.સી નર્સિંગ/ ઓપ્ટોમેટ્રી/ઓકયુપેશનલ થેરાપી/ નેચરોપેથી
અને બી.એ.એસ.એલ.પી. વિદ્યાશાખાઓની સંસ્થાઓ
ગુજરાત રાજય.

વિષય :– શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ NRI / Management કવોટામાં પ્રવેશ અંગે....

સંદર્ભ :– સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ના નોટીફિકેશન ક્રમાંક : જીપી–૧૧–એમસીજી–૧૦૦૮ /૯૩૧/ જ, અને જીપી–૧૬–એમસીજી–૨૦૦૯ /૮૧૦૩૯૬/જ, તા.૧૯/૫/૧૦

આ સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ ના પ્રવેશ નિયમોની નકલ બિડાણે સામેલ છે. આપની સંસ્થાની એન.આર.આઈ./મેનેજમેન્ટ કવોટાની બેઠકોની પ્રવેશ કાર્યવાહી પ્રવેશ નિયમો ૨૦૧૦–૧૧ માં દર્શાવ્યા મુજબ કરવાની રહેશે. આ ઉપરાંત નીચે દર્શાવ્યા મુજબની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૧) <u>એન.આર.આઈ. કવોટાની બેઠકો</u> :–
- (૧) એન.આર.આઈ. કવોટામાં પ્રવેશ કાર્યવાહી માટેની કાઉન્સેલીગ પ્રક્રિયા પ્રવેશ સમિતિના પ્રથમ કાઉન્સેલીગ પૂર્ણ થયા બાદ જ કરવાનું રહેશે.
- (૨) એન.આર.આઈ. કવોટામાં પ્રવેશ મેળવ્યા બાદ જો કોઈ વિદ્યાર્થી પ્રવેશ સમય મર્યાદા પૂર્ણ થયા પહેલાં સ્વેચ્છાએ પ્રવેશ છોડી દે તો તે વિદ્યાર્થી પાસેથી પ્રોસેસ ફી તરીકે રૂા. ૧૦૦૦/– વસુલ કરી બાકીની તમામ ફીની રકમ પરત આપવાની રહેશે.

(૨) <u>મેનેજમેન્ટ કવોટાની બેઠકો</u> :–
- (૧) મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટેની પ્રવેશ કાર્યવાહી પ્રવેશ સમિતિના પ્રથમ કાઉન્સેલીગ પૂર્ણ થયા બાદ જ કરવાની રહેશે.
- (૨) મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટેની પ્રવેશ કાર્યવાહી માટેનું મેરીટ યાદી બનાવી સમિતિને સુપ્રત કરવાનું રહેશે.
- (૩) સમિતિ ધ્વારા મંજુર કરાયેલ તારીખે જ સમિતિના સભ્યોની ઉપસ્થિતિમાં પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે.

આ ઉપરાંત એન.આર.આઈ./મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટે અત્રેની સમિતિ ધ્વારા વખતોવખત જે નિર્દેશો આપવામાં આવે તેનું અચુક પાલન કરવાનું રહેશે.

ચેરમેન
એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ મેડીકલ એજયુકેશનલ કોર્ષિસ,
બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ

નકલ સવિનય રવાના :–(૧) માનનીય મંત્રીશ્રી કાર્યાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર.
(૨) અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારું.
(૩) અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ સારું.